Form ISR-1 is available on the website of the Bank at *https://www.icicibank.com/aboutus/invest-relations.page?#toptitle* and on the website of the R & T Agent at *https://ris.kfintech.com/clientservices/isc/default.aspx#isc_download_hrd*.

The Board of Directors at their Meeting held on April 23, 2022 have recommended payment of dividend of ₹ 5 per fully paid-up equity share of face value of ₹ 2 each for the financial year ended March 31, 2022. The **Record Date** for determining the names of Members eligible for dividend on equity shares, if declared at the AGM, is **August 10, 2022**.

As per the Income-tax Act, 1961 (the Act), as amended by the Finance Act, 2020, dividend paid or distributed by Bank after April 1, 2020 shall be taxable in the hands of the Members. The Bank shall therefore be required to deduct tax at source (TDS) at the prescribed rates at the time of making the payment of the dividend to the Members. All communications/queries in this respect should be sent at *einward.ris@kfintech.com*.

In order to enable the Bank to determine the appropriate tax rate at which tax has to be deducted at source under the respective provisions of the Act, Members are requested to provide/submit documents as applicable to them **on or before August 10, 2022 (6:00 p.m. IST)** at *https://ris.kfintech.com/form15/forms.aspx?q=0*. The dividend will be paid after deduction of tax at source as determined on the basis of the documents provided by the respective members as applicable to them and being found to be complete and satisfactory in accordance with the Act.

For ICICI Bank Limited
Sd/-
Ranganath Athreya
Company Secretary

Place : Mumbai
Date : July 16, 2022

વડોદરામાં બે બાઈક ચાલકોની સામે મહાકાય મગર રોડ ક્રોસ કરી ચાલ્યો



વડોદરા,તા.૧૭

વડોદરા શહેરમાં વરસાદે વિરામ લેતા હવે રોડ પર મગરો જોવા મળી રહ્યા છે. કારેલીબાગ વિસ્તારમાં આવેલા હિરાંવતી ચેમ્બર્સમાં મગર લટાર મારવા નીકળવાની ઘટના બાદ જાંબુવા ગામમાં મગર રોડ પર દેખાયો હતો. જાંબુવા નદીમાં પૂર આવતા મગર નદીમાંથી બહાર નીકળી આવ્યો હતો અને રોડ પરથી પસાર થતો જોવા મળ્યો હતો. રોડ પર મગરને જોઈને બે બાઈક ચાલકો રોડ પર ઉભા રહી ગયા હતા અને મગર ગયા બાદ ત્યાંથી નીકળ્યા હતા. જાંબુવા નદીમાંથી મગર બહાર નીકળતા જાંબુવા ગામના રહીશોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનિય છે કે, વિશ્વામિત્રી નદી બાદ જાંબુવા અને ઢાઢર નદીમાં મોટાપાયે મગરો વસવાટ કરે છે અને વરસાદ બાદ મગરો નદીમાંથી બહાર નીકળવાની ઘટનાઓ સામે આવે છે આ પહેલા વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલા હિરાવંતી?ચેમ્બર્સમાં મગર આવી ગયો હતો. મગરને જોઇ રસ્તાઓ ઉપર રખડતા કૂતરાઓએ જોર જોરથી ભસવાનું શરૂ કર્યું હતું. કૂતરાઓ જોર જોરથી ભસતા હોવાથી નજીકમાં રહેતા એક વ્યક્તિ પથારીમાંથી ઉભા થઇ ગયા હતા અને ભસી રહેલા કૂતરાઓને ભગાવવા માટે પહોંચ્યા હતા. જ્યાં તેઓએ મગરને જોતા એક તબક્કે ચોંકી ઉઠ્યા હતા. અને મગરને જોઇ કૂતરાઓ ભસી રહ્યા હોવાનું જણાયું હતું. મગરને જોયા બાદ તેઓએ મગર, સાપ પકડવાનું કામ કરતી સંસ્થાનો સંપર્ક કરી માહિતી આપી હતી. ગણતરીની મિનીટોમાં મગર રેસ્ક્યુ કરતી ટીમ સ્થળ ઉપર આવી પહોંચી હતી. ચેમ્બર્સમાં બિદાસ્ત ફરી રહેલા મગરનું સાવચેતી પૂર્વક રેસ્ક્યુ કરી સાથે લાવેલા પાંજરામાં પૂર્યો હતો. અને મગરને વન વિભાગ ખાતે લઇ ગયા હતા. આ મગર હિરાવંતી ચેમ્બર્સ પાસેથી પસાર થતાં વરસાદી કાંસમાંથી બહાર આવ્યો હોવાનું અનુમાન છે. નોંધનીય છે કે, ચાર દિવસ પહેલાં વાઘોડિયા રોડ ઉપર પૂજા પાર્ક પાસેથી પસાર થતા વરસાદી કાંસમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહેલા મગરનું રેસ્ક્યુ કર્યું હતું. કારેલીબાગ હિરાવંતી ચેમ્બર્સમાંથી રેસ્ક્યુ કરાયેલ મગર આશરે ૩ થી ૪ ફૂટનો હતો. ચોમાસાની શરૂઆત થતાંજ મગરો હવે રહેણાંક વિસ્તારમાં આવી રહ્યા છે. ચોમાસામાં રહેણાંક વિસ્તારોમાં આવી જતા, લોકોમાં ગભરાટ ફેલાઇ ગયો છે. ખાસ કરીને વિશ્વામિત્રી નદીમાંતી મગરો રહેણાંક વિસ્તારમાં આવી રહ્યા છે. નોંધનીય છે કે, ભારે વરસાદ પડતો હોય છે., ત્યારે પણ મગરો પાણીના પ્રવાહમાં તણાઇ આવતા હોય છે. નદી કિનારાના લોકોને મગરના ડર સાથે રહેવું પડે છે. વડોદરા શહેરના વાઘોડિયા રોડ વિસ્તારની પૂજા પાર્ક સોસાયટી પાસે વરસાદી કાસમાંથી મગર નીકળતા લોકોમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. વન વિભાગની રેસ્ક્યૂ ટીમે સ્થાનિક લોકોની મદદ લઇ સાડા ચાર ફૂટના મગરનું સહી સલામત રેસ્ક્યૂ કર્યું હતું અને તેને વન વિભાગમાં લઇ આવ્યા હતા. વરસાદી કાંસમાંથી મગર આવી જતાં લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. આ ઉપરાંત ખલીપુર ગામ પાસે આવેલી એક કંપની દ્વારા વરસાદી પાણીના સંગ્રહ માટે એક કૃત્રિમ તળાવમાં પાણી સાથે એક મગર તણાઇ આવ્યો હતો. કૃત્રિમ તળાવમાં ફરી રહેલા મગરને કંપનીમાં રહેતા મજૂરોએ જોતા ચોંકી ઉઠ્યા હતા અને આ અંગેની જાણ પ્રાણી ક્રૂર નિવારણ સંસ્થાના અગ્રણી રાજ ભાવસારને કરી હતી. દરમિયાન તુરંત જ તેઓની ટીમ સ્થળ પર પહોંચી ગઇ હતી અને મગરને બહાર કાઢવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી.વડોદરામાં ભારે વરસાદને કારણે નદી-નાળાઓમાંથી મગરો બહાર નીકળી રહેણાંક વિસ્તારોમાં આવી રહ્યા છે. વડોદરાના જાંબુવા ગામમાં રસ્તો આળંગી રહેલા મહાકાય મગરનો વીડિયો વાઇરલ થતાં ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. મગર રસ્તો ઓળગંતો હતો તે સમયે બે બાઇક ચાલકો થંભી ગયા હતા.

એન.ડી.આર.એફ.ની વડોદરા બટાલિયન સાથે ૬૦૦ જવાનમાં હવે ૮ મહિલા બચાવકારો

વડોદરા,તા.૧૭

રાષ્ટ્રીય આપદા રાહત દળ એટલે કે એન.ડી.આર.એફ. અત્યાર સુધી મેલ ડોમીનેટેડ એટલે કે પુરુષો ના આધિપત્ય વાળું દળ હતું.હવે એમાં માતૃ શક્તિનો પ્રવેશ થયો છે. જો કે હજુ સુધી આ દળમાં મહિલાઓની સીધી ભરતી થતી નથી.પણ અન્ય પુરુષ બચાવકારોની જેમ હવે આ દળમાં વાયા સી.આર.પી.એફ. મહીલા શક્તિને સ્થાન મળ્યું છે. તે પ્રમાણે આ દળની વડોદરા ખાતેની બટાલિયન ૬ માં,કુલ ૬૦૦ જેટલા જવાનોમાં હવે ૮ મહિલા બચાવકારો સામેલ છે અને ખાસ વાત એ છે કે આ તમામ મહિલાઓ કટોકટીના સમયે પ્રસૂતિ કરાવવાનું કૌશલ્ય ધરાવે છે. વડોદરા બટાલિયનના નાયબ સેનાપતિ અનુપમે જણાવ્યું કે આ પૈકી ૩ વિમેન રેસ્ક્યુર્સનો તાજેતરમાં રાજપીપળા મોકલવામાં આવેલા બચાવદળમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.ગુજરાતમાં આ દળે બચાવકાર મહિલાઓને મેદાનમાં મોકલી હોય એવી આ પ્રથમ ઘટના હતી. ધ્યાન રહે કે પૂર જેવી આફતો સમયે પાણીમાં ફસાયેલા લોકોમાં સગર્ભા મહિલાઓ પણ હોય છે અને આવી કટોકટીના સમયે કોઈને વેણ ઉપડે એ શક્યતાને ધ્યાનમાં રાખીને આ લોકોને'' ચાઇલ્ડ બર્થ ઈન ઇમરજન્સી'' ની આપવામાં આવેલી તાલીમ મૂંઝવણ ઉકેલી શકે છે. અનુપમે વધુમાં જણાવ્યું કે મૂળ સી.આર.પી.એફ.માં ભરતી થયેલી આ બચાવકાર મહિલાઓ હાલમાં અમારે ત્યાં પ્રતિનિયુક્તિ થી ફરજમાં જોડાઈ છે.એમને કટોકટીના સંજોગોમાં જાનમાલના બચાવની ૧૯ સપ્તાહની સઘન તાલીમ આપવામાં આવી છે જેમાં બાળ જન્મ ને લગતી કટોકટી અને પ્રાથમિક તબીબી સારવારનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેઓ જળ હોનારતો સમયે બચાવકાર્ય, પ્રાણીઓને ઉગારવા, દોરડા દ્વારા બચાવ, તૂટી પડેલી ઇમારતોના કાટમાળમાં શોધ કાર્ય તેમજ રાસાયણિક, જૈવિક, વિકિરણીય અને પરમાણુ કટોકટીમાં બચાવ જેવી વ્યાપક તાલીમ આપવામાં આવી છે. આ ઘટના ખૂબ શકવર્તી છે અને નિકટ ભવિષ્યમાં એન.ડી.આર.એફ.માં મહિલા શક્તિનું પ્રમાણ વધી શકે એવા સકારાત્મક સંકેત આપે છે. છોકરીઓ અને મહિલાઓ બચાવકાર મહિલા હોય તો વધુ આશ્વસ્ત થાય છે. બચાવ કામગીરીમાં છોકરીઓ,મહિલાઓ અને નાના બાળકોને ઉગારવાના હોય ત્યારે બચાવકાર મહિલા જ હોય તો તેઓ વધુ આશ્વસ્ત થાય છે.

જવેલરી શોરૂમનાં કર્મચારીને ઘરે બોલાવી દોઢ કરોડનાં દાગીના લઈને ફરાર યુવતિ ગણતરીનાં કલાકોમાં ઝડપાઇ

રાજકોટ તા.૧૬

શોરૂમ દ્વારા ઘરેબેઠા ઘરેણાની ખરીદી માટેની સુવિધા શરૂ કરવામાં આવતા પિતા-પુત્રી દ્વારા આ પ્લાન ઘડવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું રાજકોટ શહેરમાં એક અનોખી લૂંટની ઘટના સામે આવી છે. જેમાં યાજ્ઞીક રોડ પર TBZના શોરૂમમાંથી ઘરેણાં લેવાનાં બહાને એક યુવતિએ શોરૂમ કર્મચારીને પોતાના બજરંગવાડીમાં આવેલા ઘરે બોલાવ્યો હતો. કર્મચારી ત્યાં પહોંચતા જ યુવતિ કુલ રૂ. ૧.૪૮ કરોડના સોનાના દાગીના ભરેલું બોક્સ લઈ તેના પિતા-પુત્રની મદદથી કર્મચારીને ઘરમાં પુરી કારમાં ફરાર થઈ હતી. જો કે કર્મચારીએ તરત પોલીસને જાણ કરતા પોલીસે કલાકોમાં આ મુદ્દામાલ સાથે યુવતિને ઝડપી પાડી છે. જ્યારે તેણીનાં પિતા-પુત્રને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. આ મામલે એસીપી દિયોરાએ પત્રકાર પરિષદ યોજી ઘટનાની ઝીણવટભરી વિગતો આપી હતી. પોલીસનાં જણાવ્યા મુજબ, અ શોરૂમનાં કર્મચારી વિશાલ લલિતભાઈ શુકલે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમણે આરોપી તરીકે બીલ્કીસબેન તેના પિતા હનીફભાઈ સોઢા અને દગીર પુત્રનું નામ આપ્યું હતું. આથી પોલીસે ત્રણેય વિરૂદ્ધ ગુનો નોંધી બીલ્કીસની ધરપકડ કરી છે. જ્યારે બાકી બંને પિતા-પુત્રની શોધખોળ હાથ ધરી છે. ફરિયાદમાં બિલ્કીસે તેના પિતા અને પુત્ર સાથે મળી આયોજીત કાવતરૂ રચી પોતાને શો-રૂમમાંથી બોલાવ્યા હોવાનું જણાવ્યું હતું.એસીપીએ જણાવ્યા મુજબ, બિલ્કીસે TBZ શોરૂમનાં કર્મચારીને ઘરે બોલાવ્યા બાદ ગ્રાહકની જેમ દાગીના પસંદ કર્યા હતા. બાદમાં પસંદ પડેલા તમામ દાગીનાનું બોક્સ અંદર મુકવાનાં બહાને બીજા રૂમમાં ગઈ હતી. બાદમાં બિલ્કસના પિતા-પુત્રએ કર્મચારીને પકડી અને ધક્કો મારી બીજા રૂમમાં પુરી દીધો હતો. ત્યારબાદ ત્રણેય મકાનને તાળું મારી ક્રેટા કારમાં નાસી છૂટ્યા હતા. આ કાર નજીકનાં સીસીટીવીમાં કેદ થતા પોલીસે તેના આધારે આરોપીઓને ઝડપી લેવા તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ચોક્કસ બાતમીનાં આધારે પોલીસે કલાકોમાં જ બિલ્કીસને ઝડપી લીધી છે. અને સોનાનાં દાગીના જેમાં સોનાના બુટી સહિતના ૫ સેટ, સોનાની ૧૨ બંગડી, સોનાના ૩ ચેઇન, સોનાના ૨ મંગળસુત્ર, સોનાના ૪ વીટી સહિત આ તમામનું વજન ૧૮૦૭.૯૮૦ ગ્રામ જેની કિંમત ૯૭,૩૪,૨૬૭ થાય છે. તેમજ રિયલ ડાયમંડના દાગીના જેમાં ૫ બ્રેસલેટ, ૯ વીટી, ૧ નેકલેસ અને ૧ પેન્ડલસેટનું વજન ૩૫૭.૭૨૦ ગ્રામ અને તેની કિંમત ૫૧,૦૯,૦૧૫ રૂપિયા થાય છે. આ બન્નેની મળીને કિંમત રૂ. ૧,૪૮,૪૩,૨૮૨નો મુદ્દામાલ કબ્જે લીધો છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં એક ઝઘડા દરમિયાન બિલ્કીસ અને તેના પતિ તેમજ પુત્રનાં હાથે એક હત્યા થઇ હતી. જો કે બાદમાં બિલ્કીસ અને તેનો પુત્ર તો જામીન પર છૂટી ગયા હતા. અને પતિ હજુપણ જેલમાં છે. આ દરમિયાન બિલ્કીસનાં તમામ ઘરેણાઓ વેંચાઈ ગયા હતા. એટલુંજ નહીં પતિને છોડાવવા પણ તેને રૂપિયાની જરૂર હતી. પોતે હંમેશા TBZ માંથી ઘરેણાની ખરીદી કરતી હતી. અને શોરૂમ દ્વારા ઘરેબેઠા ઘરેણાની ખરીદી માટેની સુવિધા શરૂ કરવામાં આવતા પિતા-પુત્રી દ્વારા આ પ્લાન ઘડવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે.

એનએચએઆઇના ચિફ મેનેજર દિગ્વીજય મિશ્રાના લોકરો અને બેન્ક ખાતાઓ સ્થગિત કરાય તેવી શક્યતા

(પ્રતિનિધિ)અમદાવાદ, તા.૧૭

નેશનલ હાઇવે ઓથોરીટીના ચીફ જનરલ મેનેજર દિગ્વિજય મિશ્રા સહિત છ લોકોને સીબીઆઇની એસીબીની વીંગ દ્વારા રૂપિયા ૧૦ લાખની લાંચ લેવાના કેસમાં ઝડપી લેવામાં આવ્યા હતા. મિશ્રાની હાલમાં સીબીઆઇ દ્વારા ઘનિષ્ઠ પૂછપરછ કરવામાં આવી રહી છે ત્યારે તેમણે અત્યાર સુધીમાં વિવિધ નામે લાખ્ખો રૂપિયાનું રોકાણ કર્યુ હોવાનું ખુલ્યુ છે. આવતીકાલે સીબીઆઇ દિગ્વિજય મિશ્રાના ૧૦થી વધુ બેંક એકાઉન્ટ અને લોકર અંગે પણ તપાસ કરનાર છે ત્યારે સીબીઆઇને મોટા ખુલાસાઓ થવાની ધારણા છે. સીબીઆઇ દ્વારા આવતીકાલે લોકર તથા બેન્કના ખાતાઓ સ્થગિત કરવામાં આવશે તેવી શક્યતા સેવાય છે. તેમની ઘનિષ્ઠ પૂછપરછ દરમિયાન ગુજરાત સહિત વિવિધ રાજ્યોની બેન્કની વિગતો સીબીઆઇ દ્વારા એકઠી કરવામાં આવી છે અને વિવિધ રાજ્યના સીબીઆઇના અધિકારીઓને મોકલી આપવામાં આવી છે.

મિશ્રાએ લાંચના રૂપિયા ગુજરાત સહિત વિવિધ રાજ્યોમાં રહેતા પોતાના સગાઓ અને મિત્રોના નામે રોકાણ કર્યા હતા. ઉપરાંત આ તમામ વહીવટ કરવા માટે મિશ્રાએ લાંબી લિંક રાખી હતી. આ લિંકમાં મિત્રો સહિત અમુક સગાઓનો સમાવેશ થાય છે. જો મિશ્રા માહિતી નહી આપે તો વધુ લોકોની ધરપકડ થવાની શક્યતા છે. મિશ્રાએ અત્યાર સુધીમાં કેટલા કાળા નાણાંના રોકાણને કાયદેસર કર્યા છે તે રકમ મોટી હોવાની શ્કા સેવવામાં આવી રહી છે. જ્યારે ખાનગી કંપની જીએચવી સાથે જોડાયેલા ટી પી સિંઘ તેની કંપની ઉપરાંત, અન્ય કંપનીઓ માટે પણ તે દિગ્વિજય મિશ્રા સાથે સેટીંગ કરાવતા હોવાનું ખૂલ્યુ છે. સીબીઆઇએ આ દરેક બાબતની તપાસ માટે આ માટે દિગ્વિજય મિશ્રા, ટી પી સિંઘના મોબાઇલ ફોન, લેપટોપ, કોમ્પ્યુટરને ફોરેન્સીક તપાસ માટે જમા લીધા છે તેની તપાસ ચાલી રહી છે. સીબીઆઇને હાથ લાગેલા વોટ્સએપ, મિશ્રા અને ટી.પી. સિંઘની વાતચીતના પૂરાવા પણ મળ્યા છે. ઉપરાંત એવી પણ માહિતી મળી છે કે મિશ્રાને ત્યાંથી જપ્ત કરાયેલા ૨૦ લાખની રોકડ પણ ટી પી સિંઘ દ્વારા જ આપવામાં આવી હતી. જે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

વડોદરામાં વિદ્યાર્થીનીઓને બીભત્સ કિલપ બતાવી છેડતી કરનાર ઝડપાયો

વડોદરા,તા.૧૭

વડોદરાના ફતેગંજ બ્રીજ નીચે એમ.એસ.યુનિવર્સિટીની બે સોશિયલ વર્ક ફેકલ્ટીના ગેટ પાસે બે વિદ્યાર્થિનીઓને સરનામું પૂછવાના બહારે પોતાના મોબાઇલ ફોનમાં અશ્લીલ વીડિયો બતાવી એક બાઇક ચાલક ફરાર થઇ ગયો હતો. જે અંગે પોલીસે ફરિયાદી બની ૧૨૫ જેટલા શંકાસ્પદ બાઇકની તપાસ કરી હતી. જેમાંથી વિદ્યાર્થીનીઓ સાથે બિભત્સ વર્તન કરી ફરાર થઇ જનાર તુષાર દિલિપભાઇ ખત્રી નામના યુવકને ઝડપી લેવામાં આવ્યો છે. પૂછપરછમાં તેણે વિદ્યાર્થીનીઓ સાથે આવું બિભત્સ વર્તન કર્યાનું કબૂલ્યું છે. ગત ૨૦ જૂનના એમ.એસ. યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહેતી ૨ વિદ્યાર્થિની સેફ્રોન કોમ્પ્લેક્સ તરફના રોડ પર ચાલતા જઇ રહી હતી, ત્યારે બાઇક પર આવેલા ૨ રોમિયોએ મોબાઇલમાં બિભત્સ ક્લિપ બતાવી છેડતી કરી હતી. ડઘાઈ ગયેલી યુવતી પોલીસ સ્ટેશન ફરિયાદ કરવા પહોંચી ત્યારે પોલીસે કહ્યું, આ રોડ પર સીસીટીવી નથી, એટલે કાયર્વાહી નહીં થાય, મેટર બંધ કરવી પડશે. રોમિયોની છેડતી અને પોલીસના ઉદ્ધત જવાબથી આઘાત પામેલી વિદ્યાર્થિનીઓ આખરે પરત ફરી હતી. હું મ.સ.યુનિ.ની હોસ્ટેલમાં રહું છું. ૧૯ જૂને સાંજે મારી સહેલી સાથે ચાલતાં જમવા માટે નજીકની રેસ્ટોરાંમાં જઈ રહી હતી. ત્યારે યુવક અમારી બાજુમાં આવીને કંઇક બોલ્યો હતો, જેને અવગણીને અમે આગળ ચાલવા લાગ્યાં હતાં. જોકે યુવકે ફરી અમારી પાસે આવીને તેના મોબાઇલમાં પોર્ન વીડિયો ચાલુ કરીને અમને બતાવવા લાગ્યો હતો. મેં તેને આંખ બતાવી જતાં રહેવા કહ્યું હતું, પરંતુ તે ત્યાં જ ઊભો રહ્યો હતો, એટલે અમે ચાલવા માંડ્યાં, ફરી તે આવીને વીડિયો જોવાની ફરજ પાડવા લાગ્યો હતો. જેથી મારી સહેલીએ મોબાઇલમાં યુવકનો ફોટો પાડવાનો પ્રયાસ કરતાં ભાગી ગયો હતો. નજીકમાં ઊભેલા પોલીસકર્મચારી પાસે જઇ ઘટના અંગે જાણ કરી તો રિક્ષામાં બેસાડીને સયાજીગંજ પોલીસ સ્ટેશન લઇ ગયા હતા. જ્યાં હાજર પોલીસકર્મીએ ગુટકા ચાવતાં ચાવતાં કહ્યું કે તમારે... છોકરીઓને આ જ તકલીફ છે, તમારી જાતની સુરક્ષા ખુદ કરી શકતા નથી. જેથી મેં કહ્યું કે એટલે જ અમે ફરિયાદ કરવા આવ્યાં છીએ. અમારી અરજી લઇ એક દિવસ બાદ બોલાવી અમને કહેવાયું હતું કે આ વિસ્તારમાં સીસીટીવી ન હોવાથી કાયર્વાહી નહીં થઇ શકે હું અને મારી મિત્ર ૨૦ જૂને બપોરે બીબીએ ફેકલ્ટીમાં કામ અર્થે જઇ રહ્યાં હતાં. ત્યારે ૩૦થી ૩૨ વર્ષનો યુવક બાઇક પર અમારી પાસે આવીને ઊભો રહ્યો હતો. યુવકે સમા વિસ્તાર કહા પે હૈ એમ પૂછતાં અમે ખબર નથી એમ કહી ચાલવા માંડ્યું હતું. ત્યારે ફરી યુવક આવ્યો અને તેના મોબાઇલ ફોનમાં પોર્ન ક્લિપ ચાલુ કરી અમને બતાવીને પૂછ્યું હતું કે આ ખબર છે શું છે, જેથી હું અને મારી મિત્ર ત્યાંથી ભાગ્યાં હતાં. ત્યાર બાદ અમે ફરિયાદ કરવા ફતેગંજ પોલીસ સ્ટેશન જતાં 'રોડની કઇ બાજુ ચાલતાં હતાં' એવા અટપટા સવાલો પૂછી સયાજીગંજ મોકલી આપ્યા હતા. ત્યાં ગયાં તો ફરી એ જ રામાયણ થઇ, આખરે શી ટીમ સાથે અમને ફતેગંજ પોલીસ સ્ટેશન મોકલતાં અરજી આપી હતી. થોડા દિવસ બાદ પોલીસે બોલાવી કહ્યું હતું કે સીસીટીવીમાં યુવક દેખાતો નથી, તમે નિવેદન લખાવી દો, અમે તપાસ બંધ કરીએ.શહેરના ફતેગંજ વિસ્તારમાં રસ્તે જતી એમ.એસ.યુનિવર્સિટી (MSU)ની વિદ્યાર્થિનીઓને સરનામું પૂછવાના બહાને મોબાઇલમાં બીભત્સ ક્લિપ બતાવી બાઇક પર ફરાર થઇ જનાર યુવકની પોલીસે ધરપકડ કરી

ICICI Bank

આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

સીઆઈએન: એલ૬૫૧૯૦જીજે૧૯૯૪પીએલસી૦૨૧૦૧૨

રજીસ્ટર્ડ ઓફિસ: આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલની પાસે, જુના પાદરા રોડ, વડોદરા ૩૯૦ ૦૦૭, ગુજરાત, **ફોન:** ૦૨૬૫-૬૭૨૨૨૮૬

કોર્પોરેટ ઓફિસ: આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, મુંબઈ ૪૦૦ ૦૫૧, મહારાષ્ટ્ર, **ફોન:** ૦૨૨-૨૬૫૩૮૯૦૦, **ફેક્સ:** ૦૨૨-૨૬૫૩૧૨૨૮

વેબસાઈટ: www.icicibank.com, **ઈમેઈલ:** companysecretary@icicibank.com

અઠ્યાવીસમી વાર્ષિક સાધારણ સભા અંગે નોટીસ

આથી અહીં નોટિસ આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેન્ક લિમિટેડ (બેન્ક/કંપની)ના સભ્યોની **અઠયાવીસમી વાર્ષિક સાધારણ સભા** (એજીએમ) **મંગળવાર, ઓગસ્ટ ૩૦, ૨૦૨૨ ના રોજ બપોરે ૩.૦૦ વાગે ભારતીય સ્થાનિક સમય**, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ની લાગુ પડતી જોગવાઈઓ અને તેના અંતર્ગત બનેલા નિયમો અનુસાર સાથે કોર્પોરેટ કાર્ય મંત્રાલય (એમસીએ) દ્વારા જાહેર કરાયેલા જનરલ સર્ક્યુલર નં. ૧૪/૨૦૨૦ તા. એપ્રિલ ૮ , ૨૦૨૦, જનરલ સર્ક્યુલર નં. ૧૭/૨૦૨૦ તા. એપ્રિલ ૧૩, ૨૦૨૦, જનરલ સર્ક્યુલર નં. ૨૦/૨૦૨૦ તા. મે ૫, ૨૦૨૦ અને અન્ય સંબંધિત સર્ક્યુલર્સ, સમાવેશ થયેલ જનરલ સર્ક્યુલર નં. ૨/૨૦૨૨ તા. મે ૫, ૨૦૨૨ સહિતને સાથે વાંચતા, વીડિયો કોન્ફરન્સિંગ/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ (વીસી/ઓએવીએમ) દ્વારા યોજાશે.

ઉક્ત એમસીએ સર્ક્યુલર્સ અને સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા દ્વારા તા. મે ૧૨, ૨૦૨૦ ના રોજ જાહેર કરાયેલા સર્ક્યુલર અને અન્ય સંબંધિત સર્ક્યુલર્સ, સમાવેશ થયેલ તા. મે ૧૩, ૨૦૨૨ ના સર્ક્યુલર અનુસાર બેન્ક/ડિપોઝીટરી પાર્ટિસિપન્ટ્સ સાથે જેમના ઇમેઇલ એડ્રેસીસ નોંધાયેલા છે તેવા સભ્યોને ઇલેક્ટ્રોનિક પદ્ધતિથી એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૧- ૨૨ મોકલવામાં આવશે. એજીએમની નોટિસ અને વાર્ષિક અહેવાલ ૨૦૨૧-૨૨ બેન્કની વેબસાઇટ *https://www.icicibank.com/aboutus/annual.html*, તથા સ્ટોક એક્સચેન્જિસની વેબસાઇટ્સ જેમકે બીએસઇ લિમિટેડ *www.bseindia.com* અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ *www.nseindia.com* તથા નેશનલ સિક્યુરિટીઝ ડિપોઝીટરી લિમિટેડ (એનએસડીએલ)ની વેબસાઇટ *www.evoting.nsdl.com* પર પણ ઉપલબ્ધ થશે.

એજીએમની નોટિસમાં જણાવેલ સૂચનોને અનુસરીને સભ્યો વીસી/ઓએવીએમ દ્વારા એજીએમમાં ભાગ લઇ શકે છે. એજીએમની નોટિસમાં સ્થાપિત તમામ ખરડાઓ પર પોતાના મત આપી શકે એ માટે બેન્ક તેમના તમામ સભ્યોને રિમોટ ઇ-વોટિંગ સુવિધા પૂરી પાડશે. એજીએમમાં ઇ-વોટિંગની સુવિધા પણ પૂરી પાડવામાં આવશે. એજીએમમાં સામેલ થનારા સભ્યો કે જેમણે રિમોટ ઇ-વોટિંગથી પોતાના મત આપ્યા નથી તેઓ તેમના મતાધિકારનો ઉપયોગ એજીએમમાં પણ કરી શકે છે. ઇલેક્ટ્રોનિક માધ્યમથી મતદાનની સુવિધા માટે બેન્કે એનએસડીએલની નિમણૂંક કરી છે. ફીઝીકલ સ્વરૂપમાં શેર્સ ધરાવતા સભ્યો અથવા જેમણે પોતાના ઇમેલ એડ્રેસીસ રજિસ્ટર કર્યા નથી તે સહિતનાં સભ્યો એજીએમની નોટિસમાં જણાવેલ સૂચનોનું પાલન કરીને ઇલેક્ટ્રોનિક રીતે પોતાનો મત આપી શકે છે.

ફીઝીકલ સ્વરૂપમાં શેર્સ ધરાવતા સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમના શેર સર્ટિફિકેટ (આગળ અને પાછળ)ની નકલ, પાનકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ અને Form ISR-1માં સૂચવ્યા મુજબ અન્ય દસ્તાવેજો સાથે યોગ્ય રીતે ભરેલું અને સહી કરેલું Form ISR-1 બેંકના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આર એન્ડ ટી એજન્ટ) કેફિન ટેકનોલોજીસ લિમિટેડ, યુનિટ: આઇસીઆઇસીઆઇ બેંક લિમિટેડ, સેલેનિયમ બિલ્ડીંગ, ટાવર-બી, પ્લોટ નંબર ૩૧ અને ૩૨, ફાયનાન્સિયલ ડિસ્ટ્રિક્ટ, નાનકરામગુડા, સરલિંગમપલ્લી, હૈદરાબાદ ૫૦૦ ૦૩૨, તેલંગાણા ને સબમિટ કરીને તેમની પોસ્ટલ એડ્રેસ, પરમેનેન્ટ એકાઉન્ટ નંબર (પાન), ઇમેઇલ એડ્રેસ, બેંકની વિગતો વગેરે સહિત કેવાયસી વિગતો નોંધણી/અપડેટ કરવી. જે સભ્યો ડિમેટ સ્વરૂપે શેર્સ ધરાવે છે તેઓ તેમના સંબંધિત ડિપોઝીટરી પાર્ટિસિપન્ટ્સ સાથે તેમની કેવાયસી વિગતો નોધણી/અપડેટ કરવા વિનંતી કરવામાં આવે છે.

Form ISR-1 બેંકની વેબસાઇટ *https://www.icicibank.com/aboutus/invest-relations.page?#toptitle* પર અને આર એન્ડ ટી એજેન્ટની વેબસાઇટ *https://ris.kfintech.com/clientservices/isc/default.aspx#isc_download_hrd* પર ઉપલબ્ધ છે.

એપ્રિલ ૨૩, ૨૦૨૨ના રોજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મળેલી મિટિંગમાં તેમણે માર્ચ ૩૧, ૨૦૨૨ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે પ્રત્યેક ₹ ૨ ના ફેસ વેલ્યુના ફૂલ્લી પેઇડ-અપ ઇક્વિટિ શેર દીઠ ₹ ૫ નું ડિવિડન્ડ ચૂકવવાની ભલામણ કરી છે. ઇક્વિટિ શેર્સ પરના ડિવિડન્ડ, જો એજીએમમાં જાહેર કરવામાં આવે તો, તે માટે પાત્રતા ધરાવતા સભ્યોના નામ નક્કી કરવા માટેની **રેકોર્ડ તારીખ ઓગસ્ટ ૧૦, ૨૦૨૨** છે.

નાણાં અધિનિયમ, ૨૦૨૦ દ્વારા સુધારેલા આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ (એક્ટ) મુજબ, એપ્રિલ ૧, ૨૦૨૦ પછી બેંક દ્વારા ચૂકવણી અથવા વહેંચાયેલ ડિવિડન્ડ શેરધારકોના હાથમાં કરપાત્ર રહેશે. બેન્ક ધ્વારા સભ્યોને ડિવિડન્ડની ચુકવણીના સમયે નિર્ધારિત દરો પર કર કપાત (ટીડીએસ) ની આવશ્યકતા રહેશે. આ સંદર્ભમાંના તમામ સંદેશાવ્યવહાર/પ્રશ્નો *einward.ris@kfintech.com* પર મોકલવા.

અધિનિયમની સંબંધિત જોગવાઈઓ હેઠળ સ્રોત પર કર કપાત કરવા અને તે અંતર્ગત યોગ્ય કર દર નક્કી કરવા માટે અને બેંકને સક્ષમ બનાવવા માટે, સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેમને લાગુ પડતા દસ્તાવેજો *https://ris.kfintech.com/form15/forms.aspx?q=0* પર **ઓગસ્ટ ૧૦, ૨૦૨૨ના રોજ (સાંજે ૬.૦૦ વાગે ભારતીય સ્થાનિક સમય) અથવા તે પહેલા** પ્રદાન કરવા/સબમિટ કરવા. સભ્યોએ તજવીજ કરેલા દસ્તાવેજો જે એક્ટ પ્રમાણે સંપૂર્ણ અને સંતોષકારક હશે તો તેના આધારે નક્કી કર્યા મુજબ સ્રોત પર કર કપાત પછી ડિવિડન્ડ ચૂકવવામાં આવશે.

આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ વતી
સહી/-
રંગનાથ અથ્રેયા
કંપની સેક્રેટરી

સ્થળ: મુંબઈ
તારીખ: જુલાઈ ૧૬, ૨૦૨૨

ICICI Bank

ICICI BANK LIMITED

CIN-L65190GJ1994PLC021012

Registered Office: ICICI Bank Tower, Near Chakli Circle, Old Padra Road, Vadodara 390 007, Gujarat, **Phone:** 0265-6722286

Corporate Office: ICICI Bank Towers, Bandra-Kurla Complex, Mumbai 400 051, Maharashtra, **Phone:** 022-26538900, **Fax:** 022-26531228

Website: www.icicibank.com, **Email:** companysecretary@icicibank.com

NOTICE OF TWENTY-EIGHTH ANNUAL GENERAL MEETING

NOTICE is hereby given that the **Twenty-Eighth Annual General Meeting** (AGM) of the Members of ICICI Bank Limited (the Bank/Company) will be held on **Tuesday, August 30, 2022 at 3.00 p.m. IST** through Video Conferencing/Other Audio Visual Means (VC/OAVM) in compliance with applicable provisions of the Companies Act, 2013 and Rules made thereunder read with General Circular No.14/2020 dated April 8, 2020, General Circular No.17/2020 dated April 13, 2020, General Circular No. 20/2020 dated May 5, 2020 and other relevant circulars, including General Circular No. 2/2022 dated May 5, 2022 issued by the Ministry of Corporate Affairs (MCA).

The Notice of the AGM and Annual Report 2021-22 will be sent only through electronic mode to those Members whose email addresses are registered with the Bank/Depository Participants in accordance with the above mentioned MCA Circulars and Circular dated May 12, 2020 and other relevant circulars, including Circular dated May 13, 2022 issued by the Securities and Exchange Board of India. The Notice of the AGM and Annual Report 2021-22 will also be available on the Bank's website at *https://www.icicibank.com/aboutus/annual.html*, the website of the Stock Exchanges i.e. BSE Limited at *www.bseindia.com* and National Stock Exchange of India Limited at *www.nseindia.com* and on the website of National Securities Depository Limited (NSDL) at *www.evoting.nsdl.com*.

Members can participate in the AGM through VC/OAVM facility by following the instructions mentioned in the Notice of the AGM. The Bank will be providing remote e-voting facility to all its Members to cast their votes on all resolutions set out in the Notice of the AGM. The facility for e-voting shall also be made available during the AGM. Members participating in the AGM and who have not already cast their votes through remote e-voting shall be able to exercise their voting rights during the AGM. The Bank has appointed NSDL for facilitating voting through electronic means. Members including those who hold shares in physical form or who have not registered their email addresses can cast their votes electronically by following the instructions mentioned in the Notice of the AGM.

Members holding shares in physical form are requested to register/update their KYC details including postal address, email address, permanent account number (PAN), bank details etc. by submitting duly filled and signed Form ISR-1 along with the copy of the share certificate (front and back), self-attested copy of the PAN card and such other documents as prescribed in Form ISR-1 to KFin Technologies Limited, Registrar and Share Transfer Agent of the Bank (R & T Agent), Unit : ICICI Bank Limited, Selenium Building, Tower-B, Plot no. 31 & 32, Financial District, Nanakramguda, Serlingampally, Hyderabad 500 032, Telangana. Members holding shares in demat form are requested to register/update their KYC details with their respective Depository Participants.

Form ISR-1 is available on the website of the Bank at *https://www.icicibank.com/aboutus/invest-relations.page?#toptitle* and on the website of the R & T Agent at *https://ris.kfintech.com/clientservices/isc/default.aspx#isc_download_hrd*.

The Board of Directors at their Meeting held on April 23, 2022 have recommended payment of dividend of ₹ 5 per fully paid-up equity share of face value of ₹ 2 each for the financial year ended March 31, 2022. The **Record Date** for determining the names of Members eligible for dividend on equity shares, if declared at the AGM, is **August 10, 2022**.

As per the Income-tax Act, 1961 (the Act), as amended by the Finance Act, 2020, dividend paid or distributed by Bank after April 1, 2020 shall be taxable in the hands of the Members. The Bank shall therefore be required to deduct tax at source (TDS) at the prescribed rates at the time of making the payment of the dividend to the Members. All communications/queries in this respect should be sent at *einward.ris@kfintech.com*.

In order to enable the Bank to determine the appropriate tax rate at which tax has to be deducted at source under the respective provisions of the Act, Members are requested to provide/submit documents as applicable to them **on or before August 10, 2022 (6:00 p.m. IST)** at *https://ris.kfintech.com/form15/forms.aspx?q=0*. The dividend will be paid after deduction of tax at source as determined on the basis of the documents provided by the respective members as applicable to them and being found to be complete and satisfactory in accordance with the Act.

For ICICI Bank Limited
Sd/-
Ranganath Athreya
Company Secretary

Place : Mumbai
Date : July 16, 2022